ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૦/7537-75

કમિશનરશ્રીની કચેરી

મધ્યાહ્ન ભોજન યોજના

બ્લોક ન ૧૪/૧,ડો.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર.તા.૧૫/૦૬/૨૦૨૦

15 JUN 2020

પ્રતિ

નાયબ કલેક્ટરશ્રી,

મધ્યાહ્ન ભોજન યોજના,

તમામ જિલ્લા/કોર્પોરેશન

વિષય :- શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત.

વર્ષા ઋતુ - વર્ષ -૨૦૨૦

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારની જડીબુટ્ટીઓ, ફળો, શાકભાજીના વૃક્ષો જેમ કે રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ વગેરે વૃક્ષો શાળા પરિસરમાં મધ્યાહ્ન ભોજન બનાવવા માટે ઉપયોગ કરીયે. શાળાઓમાં ઓર્ગેનિક શાકભાજી વાવીને અને બાળકો માટે તાજું ભોજન તૈયાર થાય, જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થ સારું રહે.

"સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ જુંબેશ રૂપે હાથ ધરવામાં છે તે તમામ શાળાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧માં "કિચન ગાર્ડન" વિકસાવવાના છે.

"સુપોષિત ભારત-વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવેલ છે. પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન"નો વર્ષ-૨૦૨૦ ના ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે. "કિચન ગાર્ડનનો હેતુ", શાળાના પરિસરમાં મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને વધારે સારું પોષણ આપવામાં ઉપયોગી ઋતુ પ્રમાણે શાકભાજીના છોડ અને ફળાઉ ઝાડનું સંવર્ધન કરવાનો અને તેનો વિનામુલ્યે ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજનામાં કરવાનો છે.

હાલમાં વર્ષા ઋતુ ગુજરાતમાં સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજનામાં વપરાશ થઈ શકે તેવા શાકભાજીના છોડ ઉદાહરણ તરીકે, રીંગણ, ટામેટાં, દૂધી, ધાણા, મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષા ઋતુનો સમય ખુબજ અનુકૂળ છે. સબબ આ કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવા વિનંતી છે.

પ્રત્યેક શાળાના કિચન ગાર્ડનમાં ઉપયોગી છોડ, રોપાઓનું વાવેતર થાય તે જરૂરી છે.

સંયુક્ત કમિશનર

મધ્યાહ્ન ભોજન યોજના

ગાંધીનગર

નકલ સવિનય રવાના -

પ્રતિ,

- સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી માટે સૂચનાઓ આપવા સારૂ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. જાણ તથા જરૂરી કાર્યવાહી માટે સૂચનાઓ આપવા સારૂ.
- શિક્ષણ અધિકારીશ્રી, તમામ જિલ્લા. જાણ તથા જરૂરી કાર્યવાહી માટે તમામ શાળાઓને સૂચનાઓ પરિપત્રિત કરવા સારૂ.